# જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) બનાસકાંઠાની કચેરી,

જિલ્લા સેવા સદન–૨, પ્રથમ માળ,
જોરાવર પેલેસ સંકુલ, પાલનપુર ફોન નં. ૦૨૭૪૨/૨૫૩૭૬૫
E-MAIL:ddcw-sjed-ban@gujarat.gov.in

નં વિજાક/ઓનલાઇન/પો.મે.શિ/૨૦૧૭-૧૮/૬૫૭૮ તા.:૧૩/૧૨/૨૦૧૭

ઘણો જરૂરી
સમયમર્યાદા
પરિપત્ર

બનાસકાંઠા જિલ્લાની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ/કોલેજો તથા આઇ.ટી.આઇ ના આચાર્યશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા ચાલુ વર્ષથી ધો:૧૧-૧૨ તથા આઇ.ટી.આઇ માં અભ્યાસ કરતા સા.શૈ.પ.વ., આ.પ.વ, લઘુમતી તેમજ વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓ અને સ્નાતક-અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતાં સા.શૈ.પ.વ. તથા વિચરતી-વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને Digital Gujarat Portal પર Online શિષ્યવૃતિ ફોર્મ ભરવાનું તથા Online શિષ્યવૃતિ મંજુર કરવાનું ઠરાવેલ છે.

Online પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિનાં ફોર્મ ભરવા માટે અત્રેની કચેરીના તા. ૨૯/૦૯/૨૦૧૭ ના પરિપત્રથી વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે. આ સૂચનાઓ ધ્યાને લઇને દરેક શાળા/ કોલેજોએ વિદ્યાર્થીઓના Online શિષ્યવૃતિ ફોર્મ ભરાવેલ હશે જ. તેમજ Digital Gujarat Portal પર આપેલ સૂચનાઓ મુજબ શાળા/કોલેજોએ વિદ્યાર્થીઓના Online ફોર્મ વેરીફાઇ પણ કરેલ હશે.

ચાલુ વર્ષે આપની શાળા/કોલેજોમાં જે વિદ્યાર્થીઓના Online ફોર્મ ભરાયેલ હોય તેવા વિદ્યાર્થીઓના ફોર્મની ઝીણવટપૂર્વક ચકાસણી કરી ત્યારબાદ શાળા/કોલેજોએ યોજનાવાર-જાતિવાર નીચેની વિગતોની ફાઇલ સાથે દરખાસ્ત અત્રેની કચેરીએ દિન-૭માં રજુ કરવા વિનંતી છે.

(૧) શાળા/કોલેજના આચાર્યશ્રીની સહી/સિક્કાવાળો પત્ર

(૨) નિયત નમુનાના ૧૬(સોળ) કોલમના અંગ્રેજી પત્રકમાં તમામ કોલમની માહિતી અંગ્રેજીમાં ભરી આચાર્યશ્રીના સહી/સિક્કા અને જરૂરી પ્રમાણપત્ર સાથે રજુ કરવું.

(૩) પત્રક સાથે દરેક વિદ્યાર્થીના Online ફોર્મની હાર્ડકોપીની નકલ રજુ કરવી (Online ફોર્મ સાથે રજુ કરેલ આધાર-પુરાવા જિલ્લા કચેરીમાં મોકલવાના નથી પરંતુ હાર્ડકોપીની નકલ તથા આધાર-પુરાવા શાળા/કોલેજના રેકર્ડ પર જ રાખવાના છે)

(૪) દરેક શાળા/કોલેજોએ ચાલુ વર્ષ માટે સંબધિત ખાતા-વિભાગ કે યુનિવર્સિટી દ્વારા શાળા/કોલેજના માન્ય અભ્યાસક્રમો માટે નક્કી કરવામાં આવેલ સરકારી ધારાધોરણ મુજબની અદ્યતન શિક્ષણ ફી, પરીક્ષા ફીના માળખાની વિગતો શાળા/કોલેજના લેટરપેડ પર શાળા/કોલેજના આચાર્યશ્રીના સહીસિક્કા સાથે ફરજીયાત રજુ કરવાની રહેશે અન્યથા શિક્ષણ ફી-પરીક્ષા ફી મંજુર કરવામાં આવશે નહિ.

(૫) Online ફોર્મ ભરેલ વિદ્યાર્થીઓની યોજનાવાર-જાતિવાર તારીજ રજુ કરવી. .

તો ઉપર મુજબની સૂચનાઓ ધ્યાને લઇને જિલ્લાની તમામ શાળા/ કોલેજ/ આઇ.ટી.આઇ ના આચાર્યશ્રીઓએ નિયત સમયમર્યાદામાં દરખાસ્તો અત્રેની કચેરીએ મોકલી આપવા પુન:વિનંતી છે.

બિડાણ: પત્રક

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

જિલ્લા સમાજકલ્યાણ અધિકારી
(વિ.જા) બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,

---

મુ.-------------------- તા. ----------------- જિ. બનાસકાંઠા
નકલ સવિનય રવાના: નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુ.રા. ગાંધીનગર

## POST - METRIC SCHOLARSHIPS PATRAK FOR - SEBC/EBC/MINO/NTDNT

**SCHOOL/COLLAGE NAME / ADDRESS :**

| Sr | Digital Gujarat porta application ID no | UID No. (AADHAAR NO) | Is " Aadhaar" "Seeding " with bank Account YES/NO | Student's Full Name (Benificlery) | Caste | Annual Income of Parents/ Guardian Year 16-17 | Gender Male /Female | Class /Faculty studying in Year 17-18 | Dayscholar OR Hostelar Fresh / Renewal | Pass of Fail in Previous Year | Mobile/ Telephone No | Education fee | Exam Fee | Maintenance Allowance | Scholarshipa amount |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Personal Details | | | | | | | Education Details | | | Amount Rs. | | | | |
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 |
| 1 | 1700009154 | **** **** 4510 | YES | Thakor Ramesh Kanaji | Thakor | 75000 | Male | B.E,Civil 1 ST YEAR | Hosteler | PASS | 75807 87521 | 1500 | 500 | 1250 | 3250 |
| | | | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | | | |

૧. આ પત્રકમાં ૧ થી ૧૬ કોલમનું એકંદર માહિતી ફરજિયાત દરકે શાળા/કોલેજે આપવાની રહેશે.
૨. આ પત્રકમાં 3 કોલમમાં આધારનંબર બાર આંકડા પૈકી આગળના આઠ આંકડામાં ચોકડીની નિશાની આને પાછળના ચાર આંકડા ચોકસાઇ આપવાના રહેશે.
3. આ પત્રકની સાથે વિદ્યાર્થીએ જે તે યોજનાની ઓનલાઇન કરેલ અરજીના બે પાનાની પ્રિન્ટની નકલ આપવાની રહેશે.
૪.આ પત્રકની સાથે શાળા-કોલેજે ફોરવર્ડીંગ સહિત જે તે યોજનાની ઓનલાઇન કરેલ પોર્ટલ પરતી on line FORWORDપછીથી ફાઇલ સહિત જિલ્લા કક્ષાએ આપવાની રહેશે.
૫. વિદ્યાર્થીએ જે તે યોજનાની ઓનલાઇન કરેલ અરજીની હાર્ડકોપી અને સાધનિક કાગળોની ફાઇલ શૈક્ષણિક સંસ્થાએ FORWORD કરવા COLLAGE રેકર્ડમાં ચકાસણી માટે રાખવાની રહેશે.

### <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેની શાળા/કોલેજમાં અભ્યાસ કરતાં પત્રકમાં જણાવ્યા મુજબના વિદ્યાર્થીઓએ ભરેલ ઓનલાઇન ફોર્મની વિગતોની તથા ફોર્મ સાથે રજૂ કરેલ આધાર પુરાવાઓની અમોએ ચકાસણી અને ખરાઇ કરેલ છે. જે બરાબર અને સાચા છે. વિદ્યાર્થીઓએ ભરેલ ફોર્મ તથા ફોર્મ સાથે રજુ કરેલ આધાર પુરાવાઓની પ્રમાણિત નકલો શાળા/કોલેજના રેકર્ડ પર રાખવામાં આવેલ છે.

આચાર્યના સહી સિકકા